**ટ્રસ્ટના ઉદ્દેશો :**

- **ભારતમાં વસતા સમસ્ત ખડાયતા બંધુઓને નિકટ લાવવા તથા તથા પ્રેમભાવ વધારવો.**
- **યોજનાના સભ્યના અવસાનના સમયે તેના પરિવારને આર્થિક મદદ આપવી.**
- **સંસ્થાના સભ્યના હિતમાં સર્વાંગી વિકાસ માટે કાર્ય કરવું.**

| ૦૧ – નવેમ્બર – ૨૦૧૪ થી ૩૧ – ડીસેમ્બર – ૨૦૧૪ | | | | |
|---|---|---|---|---|
| પ્રવેશ ફી નીચે જણાવેલા કોષ્ટક પ્રમાણે ભરવી | | | | |
| વય જુથ | પ્રવેશ ફી | ADFC | વહિવટી ફી | કુલ રકમ |
| ૧૮-૨૫ | ૮૦૦/- | ૨૨૫૦/- | ૪૦/- | ૩૦૯૦/- |
| ૨૬-૩૦ | ૨૦૦૦/- | ૨૨૫૦/- | ૪૦/- | ૪૨૯૦/- |
| ૩૧-૪૦ | ૫૦૦૦/- | ૨૨૫૦/- | ૪૦/- | ૭૨૯૦/- |
| ૪૧-૪૫ | ૧૦૦૦૦/- | ૨૨૫૦/- | ૪૦/- | ૧૨૨૯૦/- |
| ૪૬-૫૦ | ૧૩૦૦૦/- | ૨૨૫૦/- | ૪૦/- | ૧૫૨૯૦/- |

**સભ્યનો ફાળો :**

- **દરેક સભ્યના મૃત્યુ દીઠ રૂા. ૨૧/-* DFC ના આપવાના રહેશે.**
- **સભ્ય જો સળંગ ૨૫ વર્ષ યોજનાનું સભ્યપદ જાળવે તો ૨૬માં વર્ષથી તે સભ્યએ વાર્ષિક વહીવટી ખર્ચની રકમ જ ભરવાની રહેશે. બાકીની DFC ની જવાબદારી ટ્રસ્ટ ભંડોળમાંથી થશે.**
- **નોમીનેશન : બે નોમીનીના નામ આપવાનું સભ્યના હિતમાં છે.**

**ડેથ કલેઈમ :**

- સભ્યના મૃત્યુ પછી તેના નોમીનીને DFC આપવામાં આવશે. રૂા. ૨૧ સક્રીય સભ્ય દીઠ ચૂકવવામાં આવે છે. (તેમાંથી ભાવિ જવાબદારી માટે ૧૦% રકમ કોર્પસમાં લઇ જવામાં આવે છે.)
- **ડેથ કલેઈમની ચકાસણીમાં તમામ ડોક્યુમેન્ટસ બરાબર હોય તો સામાન્ય સંજોગોમાં કલેઈમ મળ્યાની તારીખથી ૨૦ દિવસમાં પ્રથમ ચુકવણું ૧,૨૫,૦૦૦/– રજી.એડીથી મોકલવામાં આવે છે. બાકીની રકમ વહીવટી કાર્યવાહી બાદ ચુકવવામાં આવે છે.**
- **આજદિન સુધી સ્થાપક સભ્ય દ્વારા કુલ DFC-25 સુધી ચુકવાયેલ રકમ ૨૭૩૭૫/- છે.**
- **ટ્રસ્ટમાં અત્યાર સુધીમાં ૧૨૨૮ સભ્યોના અવસાનમાં ૩૧ કરોડ જેવી માતબર રકમ આપી શક્યા છીએ.**

## મનના સમાધાન માટે સવાલ - જવાબ

૧. હું સક્ષમ છું. મારી પુરતા પ્રમાણમાં ઇન્સ્યુરન્સ પોલીસી છે. મારે સભ્ય શું કામ બનવું ?
આ યોજનામાં સભ્ય બનવા માટે મૂળભૂત ભાવના : ખડાયતા સમાજની વ્યક્તિ જેને ઓળખતો પણ નથી તેના મરણ બાદ તેના ઘરે મારા રૂા. ૨૧/- પોંહચે અને તે પરિવાર પગભર બને.

૨. આ સ્કીમ ખડાયતા જ્ઞાતિની વિશિષ્ટ સ્કીમ કેમ ગણાય?
આ સ્કીમને; ૧૯મી ખડાયતા પરિષદ (ભરૂચ) માં ઠરાવ નં : 3 તરીકે માન્ય કરવામા આવેલ છે.

૩. મારે વિદેશમાં ભણતો દિકરો આ યોજનામાં સભ્ય બની શકે ?
સભ્ય બનતી વખતે જે વ્યક્તિ ભારતમાં હોય અને રહેઠાણનો પુરાવો આપે તો સભ્યપદ માટે અરજી કરી શકે છે.

૪. મારી દિકરી ૨૫ વર્ષની છે શું તે સભ્ય બની શકે ?
અપરણીત દીકરીને સભ્યપદ આપવામાં આવતું નથી. પરંતુ,ખડાયતા પુરુષ સાથે પરણીત સ્ત્રી લગ્નજીવનનાં ૫ વર્ષ પૂર્ણ કર્યા બાદ સભ્ય બની શકે.

૫. સ્ત્રી સભ્યએ સોગંદનામું ભરવું પડે?
હા, સોગંદનામાંમાં કુંવારા પણાનું નામ, લગ્ન બાદનું નામ, લગ્નને પાંચ વર્ષ પુરા થયાં, અંગેનું સોગંદનામું કરવામાં આવે છે.

૬. હું હાલમાં ટ્રસ્ટનો સભ્ય છું, મારે વિદેશ જવું હોય તો શું કરવું ?
ટ્રસ્ટમાં રૂા. ૫૦૦૦/- નાં ગુણાંકમાં ડીપોઝીટ DFC Advance (વ્યાજ વગર) તરીકે જમા કરાવવાની વ્યવસ્થા છે. ગેરહાજરીમાં ટ્રસ્ટ સાથે સંપર્કમાં રહેવા માટેની જોગવાઇ કરવાની જવાબદારી સભ્યની રહેશે. (Form D1)

૭. ૨૭ વર્ષની ઉંમરે સભ્ય બનું તો મારે આખી જીંદગી DFC ભરવાની ?
સળંગ ૨૫ વર્ષ સુધી ટ્રસ્ટનાં સભ્ય રહેનાર સભ્યને તેના સભ્યપદના ૨૬મા વર્ષથી DFC ની રકમ ભરવામાંથી મુકિત આપવામાં આવશે અને આ જવાબદારી ટ્રસ્ટના કોર્પસમાંથી પરીપૂર્ણ કરવામાં આવશે.

૮. મારૂ સરનામુ બદલવા માટે શું કરવું?
એન-૧ ફોર્મ મેળવી લેખિતમાં ટ્રસ્ટની ઓફીસે જાણ કરવી. તે બાદ ટ્રસ્ટના રેકોર્ડમાં ફેરફાર કરવામાં આવશે.

૯. જો હું DFC ના ભરું તો શું થાય ?
DFC નોટીસ સાદી ટપાલથી વર્ષમાં બે વાર મોકલવામાં આવે છે. DFC નોટીસ બહાર પડયાની આખર તારીખ બાદ ત્રણ મહીનાનો સમય મળે છે તે પછી પણ જો સભ્યએ DFC ના ભરી હોય તો નામ કમી કરવામાં આવશે.

૧૦. હું DFC કઇ રીતે ભરી શકું ?
સભ્ય DFC ની રકમ ટ્રસ્ટના BOB/IDBI બેંકનાં ખાતામાં રોકડ રકમ અથવા ચેક દ્વારા પેમેન્ટ કરી શકે અથવા NEFT Transfer કરી શકે. ટ્રસ્ટની વેબસાઇટ પરથી DFC પેમેન્ટ ગેટવેય પરથી કરી શકે.

૧૧. મારે મારી મુશ્કેલી માટે ફોન પર વાત કરવી જરૂરી છે ?
સભ્ય દ્વારા પોસ્ટકાર્ડમાં નામ તથા SKS No. તેમજ મુંઝવણ લખીને જાણ કરવાથી તેનો ત્વરીત જવાબ આપવામાં આવે છે.

૧૨. DFC ભર્યા પછી મારે શું કરવું ?
DFC નોટીસ ભર્યા પછી પરફોર્મા-સી ટ્રસ્ટની ઓફીસે ફરજીયાત મોકલી આપવાની હોય છે અને પરફોમા-ડી ની કોપી સભ્યએ જાળવવી. ચેકથી પેમેન્ટ કરેલ હોત તો ચેક કલીયર થયાંની જવાબદારી સભ્યની રહેશે.

૧૩. શું હું નોમીની બદલી શકું ?
વર્ષમાં એકવાર રૂા. ૫૦/- ની પ્રોસેસીંગ ફી આપી નોમીની બદલી કરી શકાય છે. (N1 ફોર્મ)

૧૪. ૨૫ વર્ષ પછી સભ્ય વતી ટ્રસ્ટે DFC નું ચુકવણું કરવાનું રહે છે, તેના માટે શું જોગવાઇ કરેલ છે ?
૨૫ વર્ષ બાદ ઊભી થતી આર્થિક જવાબદારી માટે Actuarial Valuer શ્રીની સેવાઓ લેવામાં આવેલ છે. ટ્રસ્ટનું કોર્પસ ભંડોળ અને ભવિષ્યની જવાબદારી માટેનું વિશેષ્ટ ભંડોળ આ જોગવાઇ પરિપૂર્ણ કરવા માટે સક્ષમ છે.

૧૫. સભ્ય બન્યા પછી મારું રીસ્ક કવર ક્યારથી શરૂ થાય ?
સભ્ય તરીકેની અરજી મંજુર થયેથી સર્ટીફીકેટ માર્ચમાં મોકલી આપવામાં આવે છે. સભ્ય તરીકેની ફરજ ૧લી એપ્રિલથી શરૂ થાય અને સભ્ય તરીકેના હક્કો ૧લી જુલાઇથી શરૂ થાય છે.

૧૬. મૃત્યુ બાદ મળતી રકમ પર નોમીનીને ઇન્કમટેક્ષ લાગે કે નહીં ?
સામાન્ય રીતે મૃત્યુબાદ મળતી રકમ પર ઇન્કમટેક્ષ લાગતો નથી. પરંતુ સભ્ય બનતી વખતે અને સભ્યપદ દરમ્યાન DFC ની રકમ તમે તમારા ઉપાડમાંથી ચૂકવી હોય, ખર્ચ પેટે બાદ ન મેળવી હોય તો ઇન્કમટેક્ષની જવાબદારી લગભગ આવે નહી.